## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



અમે પણ મનની વાત કહીએ છીએ કે, અમે ખોટું નથી બોલતા... અમારા વખતનાં પેપર વાંચી જુઓ અમારી પણ વાહ વાહ થતી હતી... અમે પણ વિકાસ કરતા હતા..!!

# જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડોકટરની ઘટ કયારે પુરાશે..?

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત મેડીકલ એજ્યુકેશન અન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક વર્ષોથી ડોકટરોની ઘટ છે. જીએમઈઆરએસની અન્ય મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં ડોકટરની ઘટ પુરવામાં આવી છે. તો પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં ડોકટરની ઘટ પુરવામાં કયો ગ્રહ નડે છે તે સમજાતુ નથી. સિવિલના વિવિધ ડીપાર્ટમેન્ટમાં રેસીડેન્ટ ડોકટર અને જુનિયર રેસીડેન્ટ ડોકટર સહિત અન્ય જગ્યાઓ પણ ખાલીખમ પડી છે. ત્યારે ડોકટર્સની જગ્યા તાત્કાલીક અસરથી ભરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર મેડીકલ કોલેજને ડોકટરોની અછત દુર કરવા માટે ઉચ્ચકક્ષાએથી પણ લીલીઝંડી મળી ગઈ છે. તેમ છતા ડોકટરની ભરતી કરવામાં આવતી નથી. દિવાળી પહેલા ભરતી માટે ડોકટર્સના ઈન્ટરવ્યુ થયા હતા, પરંતુ હજુ સુધી એક પણ ઓર્ડર થયો નથી. સિવિલ હોસ્પિટલમાં ચાર જેટલા વિભાગ મેજર ગણવામાં આવે છે.

જેમાં મેડીસીન, સર્જરી, પીડીયાટ્રીક અને ગાયનેક વિભાગનો સમાવેશ થાય છે. આ વિભાગમાં પણ ડોકટરની નહીવત સંખ્યામાં ફરજ બજાવી રહ્યા છે. જયારે આર્થોપેડીક, એનેથેસીયા, રેડીયોલોજી, સ્કીન, સાઈકીયાટ્રીક, ઈએનટી-ઓપ્થેલ સહિતના વિભાગમાં પણ ડોકટર્સની કમી છે. મેડીકલ કોલેજમાં એમસીઆઈની ગાઈડ લાઈન કરતા પણ ઓછા ડોકરટરોથી પાટનગરની કોલેજ અને સિવિલ ચાલી રહી છે. જેને પગલે વોર્ડમાં એડમીટ દર્દીઓ અને ઓપીડીમાં આવતા દર્દીઓ હેરાન પરેશાન થાય છે.

જયારે ડોકટરો પર કામનું ભારણ વધી જવા પામે છે. જયારે ઓપીડીમાં દર્દીઓની લાંબી લાઈનો સર્જાતી હોય છે. ત્યારે આટલી મોટીસંખ્યામાં દર્દીઓને ડોકટર કેવી રીતે તપાસ કરી શકે. ત્યારે સિવિલના દરેક વોર્ડની પણ આ પ્રકારે જ હાલત છે જેને પગલે દર્દીઓ પણ પોતાનો રોષ પ્રગટ કરી થાકી ગયા છે. ત્યારે જીએમઈઆરએસ સંચાલિત મેડીકલ કોલેજની જેમ ગાંધીનગરમાં પણ ડોકટરની ઘટ સત્વરે દુર કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના પ્રતિકાર સામેના વેક્સિનેશનમાં હર ઘર દસ્તક અભિયાન અંતર્ગત છેલ્લા ૧૦ દિવસમાં એક લાખ લોકોને આવરી લેવાની સફળતા તંત્રએ મેળવી છે.
- ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામે આજે ૧૨.૩૦ વાગે ઓચીંતી મુલાકાત નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ લેતા તલાટી કમં મંત્રીની ગેરહાજરી જોઈ તેઓ ગુસ્સે થયા હતા.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ભાજપ પ્રદેશ યુવા મોરચાની આજે કમલમ્ કોબા ખાતે બેઠક મળી હતી.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે ગિફ્ટસીટીની વિઝીટ કરી હતી.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચૂંટણીનો માહોલ ધીમી ગતિએ ગરમાવો પકડી રહ્યો છે.
- ૧૫મી ડિસેમ્બર સુધી તા. પંચાયતોને આગામી નાણાંકીય વર્ષનું બજેટ તૈયાર કરી અવલોકન માટે જિલ્લાતંત્રને મોકલી આપવાની સૂચનાઓ અપાઈ છે.
- ગાંધીનગરમાં કેસો વધી રહ્યા છે પણ કચેરીઓમાં સેનેટાઈઝેશન માટે મુકાયેલા મશીનોમાં સેનેટાઈઝર હોતા નથી. મનપા, જિ.પં. સહિતની ઘણી કચેરીઓમાં આ સ્થિતિ છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે ૧૨ હજારથી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા. ગ્રામ્ય વિસ્તારમાં ૧૧ હજારથી વધુ અને શહેરમાં ૧૧૦૦થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.
- ગ્રામ વિકાસ કમિશનરની કચેરીમાં આસિ. કમિશનર તરીકે ફરજો બજાવતા વી.બી. પટેલ આજે વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા હતા. તેમને કચેરીમાંથી આજે ભાવભીની વિદાય આપી નિવૃત્ત જીવન નિરામય વિતાવે તેવી શુભકામનાઓ પણ વિદાય સમારોહમાં અપાઈ હતી.

# એએસઆઈના દુઃખદ નિધનથી પોલીસ તંત્રમાં ઘેરા શોકની લાગણી

### માસુમ બાળકના અપહરણ કેસનો ગુનો ઉકેલવામાં કેવલસિંહનું મહત્વ યોગદાન રહ્યું હતું

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચમાં ફરજ બજાવતા એએસઆઈ કેવલસિંહનું હાર્ટ એટેકના હુમલાથી દુઃખદ નિધન થયુ છે. આજે વહેલી સવારે અડાલજ ખાતે કેવલસિંહ વોચમાં ઉભા હતા તે સમયે છાતીમાં દુઃખાવો ઉપડતા તેઓ તાત્કાલીક નજીકના દવાખાને ખાતે પહોંચી ગયા હતા. ડોકટરે તાત્કાલીક સારવાર પણ કરી હતી,પરંતુ હદયરોગના તીવ્ર હુમલાને કારણે કેવલસિંહનું અકાળે અવસાન થયું હતું. અડાલજ ખાતેથી અઢી માસના બાળકનું ૬ માસ પહેલા અપહરણ થયું હતું. આ ગુના ઉકેલવામાં કેવવસિંહનું મહત્વનું યોગદાન રહેલુ હતું. ત્યારે કેવલસિંહના મૃત્યુના સમાચાર વાયુવેગે પ્રસરી જતા પોલીસ બેડામાં શોકનું વાતાવરણ છવાયું હતું.

લીંબોદરા ગામના વતની કેવલસિંહ અનોપસિંહ વાઘેલા છેલ્લા બે દાયકા જેટલા સમયથી ગાંધીનગર પોલીસ વિભાગમાં ફરજ બજાવતા હતા. કેવલસિંહ હસમુખા અને સરળ સ્વભાગને પગલે સાથી કર્મચારીઓ અને અધિકારીઓમાં આગવી ઓળખ ધરાવતા હતા. એલસીબીમાં ફરજ બજાવતા કેવલસિંહ વાઘેલા અડાલજ પોલીસ મથક વિસ્તારમાં કોઈ ગુના અંગે મળેલી બાતમીને પગલે વોચમાં ઉભા હતા. તે સમયે અચાનક છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો. જેથી સ્થિતિ પારખી ગયેલા કેવલસિંહ તાત્કાલીક સાથી કર્મચારી સાથે નજીકના સારવાર કેન્દ્ર પર પહોંચી ગયા હતા. આરોગ્ય કેન્દ્રના ફરજ પરના ડોકટર દ્વારા જરુરી તપાસ કરીને કેવલસિંહની પ્રાથમિક સારવાર શરુ કરી હતી. પરંતુ હદયરોગના હુમલાની તિવ્રતાને કારણે તેમનુ અકાળે અવસાન થયું હતું. સવારના સમયે ચાલુ ફરજે કર્મચારીના અવસાન થયાના સમાચાર મળતા જ એલસીબી સ્ટાફના જવાનો તાત્કાલીક અડાલજ પહોંચી ગયા હતા. જયારે કેવલસિંહના મૃત્યુના સમાચાર મળતા જિલ્લા પોલીસ બેડામાં પણ શોકની કાલીમા છવાઈ હતી. એએસઆઈનું પ્રમોશન મેળવનાર કેવલસિંહ વાઘેલાના પરિવારમાં માતા-પિતા, પત્નિ અને એક દિકરો તેમજ દિકરી છે. બાતમીદારોનું બહોળુ નેટવર્ક ધરાવતા કેવલસિંહના અવસાન અંગે જિલ્લા પોલીસ વડાએ પણ દુઃખની લાગણી વ્યકત કરી હતી. તો બીજીતરફ એલસીબી પીઆઈ જે.એચ.સિંધવની આંખ પણ ભીની બની હતી. જયારે પરિવારના સભ્યો અને સાથી કર્મચારીઓના રડવાથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.



આકાશમાં ઉડતા વિમાનનું બાળકોને ખુબ જ આશ્ચર્ય હોય છે. રાત્રે આકાશમાંથી લાઈટ ઝબકાવી પસાર થતાં વિમાનને તે અચરજભરી નજરે જોઈ રહે છે. તો ખુબ દૂર છેક ક્ષિતિજમાં સફેદ ધુમાડો છોડતા જેટ પ્લેન કે જેને લોકો રોકેટ કહે છે તે કેવુ હશે તેની કલ્પના કરતા તો બાળકોના રૂંવાડા ઉભા થઈ જાય છે. વરસાદ પછી એકદમ શુદ્ધ બનેલા વાદળી આકાશમાં જેટ પ્લેનના ધુમાડાથી બનેલા સફેદ પટ્ટા ખુબ જ આકર્ષક લાગી રહ્યા છે.

## સરકારના નવા નિર્ણયથી સાચા આદિવાસીઓના હક્ક ઝુંટવાશે

આદિજાતિ વિકાસ વિભાગના ૨૨-૧૧-૨૧ના આદેશથી ગ્રામ પંચાયત ચૂંટણી અને ધો. ૧૦ પછીના અભ્યાસ માટે ૧૮ના એક્ટ અન્વયે ૧૯-૯-૨૦ના નિયમો ધ્યાને લીધા વગર પ્રમાણપત્ર આપવાની સરકારે જોગવાઈ કરી છે. સાચા આદિવાસી અધિકાર બચાવ સમિતિ અને સરકાર સાથેના સમાધાનનું ઉલ્લંઘન છે. સમસ્ત આદિવાસી સમાજ ગુજરાત રાજ્ય જાહેરમાં વિરોધ કરે છે. સંગઠનની કોઈ લેખિત કે મૌખિક સંમતિ સરકારે લીધી નથી. આદેશ સમગ્ર આદિવાસી સમાજના હિતમાં તાત્કાલિક રદ કરવામાં આવે તેવી સમસ્ત આદિવાસી સમાજ-ગુજરાત રાજ્ય દ્વારા માંગ કરવામાં આવી છે. આદેશ રદ નહી કરાય તો હજારોની સંખ્યામાં સરપંચ અને શિક્ષણ સંસ્થાઓમાં સાચા આદિવાસીના હક્કો ઝુંટવાશે તેવી સમસ્ત આદિવાસીએ ચિંતા વ્યક્ત કરી છે.

# મનપા ખાતે મેયર - ડે.મેયરે પ્રથમ રક્તદાન કરી કેમ્પનો શુભારંભ કરાવ્યો

### મહાનગર સેવા સદન ખાતે રક્તદાન કેમ્પમાં કુલ ૧૨ યુનિટ્સ રક્ત એકત્ર થયું

ગાંધીનગર, તા. ૩૦

'હું શહેરનો પ્રથમ નાગરિક નહિ, પરંતુ પ્રથમ સેવક છું' તેવું



જણાવતાં આજે ગાંધીનગર મહાનગરપાલિકામાં યોજાયેલા રક્તદાન કેમ્પનો મેયર હિતેશભાઈ મકવાણા અને ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે પોતે સૌથી પહેલાં રક્તદાન કરીને શુભારંભ કરાવતાં રક્તદાન કેમ્પમાં પ્રસન્નતા વ્યાપી જવા પામી હતી. આ ઉપરાંત વોર્ડ નં.૬ના નગરસેવકો ગૌરાંગ વ્યાસ અને પ્રેમલત્તાબેન મહેરિયા તેમજ વોર્ડ નં.૩ના ભરતભાઈ ગોહિલે પણ રક્તદાન કર્યુ હતુ. આ પ્રસંગે ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે પણ યુવાનોને નિયમત રક્તદાન કરવા હાકલ કરી હતી જ્યારે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી - ગાંધીનગર જીલ્લા શાખાના ચેરમેન જીલુભા ધાંધલે રક્તદાનનું મહત્વ અને ફાયદા સમજાવ્યાં હતા.બ્લડ ડોનેશન કેમ્પમાં કુલ ૧૨ યુનિટ્સ રક્ત એકત્ર થયું હતું. આ પ્રસંગે ડેપ્યુટી કમિશનર સી.એમ.ત્રિવેદી અને રેડક્રોસ સોસાયટીના અશ્વિનભાઈ દવે સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ રક્તદાન કેમ્પમાં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

# આજે બીએસએફનો ૫૭મો સ્થાપના દિવસ ઉજવાશે

ગાંધીનગર તા.૩૦

આ વર્ષે આઝાદીની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે દેશભરમાં ×આઝાદી કા અમૃત મહોત્સવ× ઉજવવામાં આવી રહ્યો છે. આ મહોત્સવ અંતર્ગત સીમા સુરક્ષા



દળ ગુજરાત દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ પર બોર્ડર સિક્યોરિટી ફોર્સની મોટરસાઈકલ ટીમ ×જાંબાઝ× અને ×સીમા ભવાની× દ્વારા આકર્ષક કાર્યક્રમ ડેરડેવિલ શોનું આયોજન, દાંડીથી રાજઘાટ સુધી ૧૨૮૦ કિમીની સાયકલ રેલીનું આયોજન, જમ્મુથી દાંડી સુધીની ૧૯૯૩ કિમી સાયક્લોથોનનું આયોજન અને રાયથાણવાલા (રાજસ્થાન) થી કેવડિયા (ગુજરાત) સુધીની ૭૨૩ કિમીની સાયકલ રેલીનો સમાવેશ થાય છે.

સીમા સુરક્ષા દળના ૫૭મા સ્થાપના દિવસ નિમિત્તે ફ્રન્ટિયર હેડક્વાર્ટર ગુજરાત અને તેના હેઠળના તમામ હેડક્વાર્ટરમાં વોલીબોલ ટુર્નામેન્ટ, ૧૦ કિમી વોક, ક્રિકેટ મેચ, ગોલ્ફ ટુર્નામેન્ટ, ટોઈંગ અને સ્વચ્છતા સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. બોર્ડર સિક્યોરિટી ફોર્સમાં તાલીમ અને રમતગમતમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા બદલ ગુજરાત ફ્રન્ટિયર સતત બીજા વર્ષે "અશ્વિની કુમાર ટ્રોફી"નું વિજેતા બન્યું છે. આ વર્ષે બોર્ડર સિક્યુરિટી ફોર્સ ગુજરાત ફ્રન્ટિયરના સતર્ક સીમા રક્ષકો દ્વારા સરહદ પાર કરવાનો પ્રયાસ કરતી વખતે ૩ પાકિસ્તાની ઘૂસણખોરો અને ૨ બાંગ્લાદેશી નાગરિકો ઝડપાયા હતા અને સરહદ નજીક શંકાસ્પદ હાલતમાં ફરતા ૨૧ ભારતીય નાગરિકોને પકડ્યા હતા. તેના ઉપરાંત નશીલા પદાર્થોના ૩૩ પેકેટો જપ્ત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર ખાતેના સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટિયરના આઈજી જ્ઞાનેન્દ્ર સિંહ મલિકે જણાવ્યું હતું કે બોર્ડર સિક્યોરિટી ફોર્સની સ્થાપના તા.૧લી ડિસેમ્બર ૧૯૬૫ના રોજ ભારતની આંતરરાષ્ટ્રીય સરહદોની સુરક્ષા માટે કરવામાં આવી હતી અને આજે બોર્ડર સિક્યોરિટી ફોર્સ વિશ્વની સૌથી મોટી સરહદ રક્ષક દળ છે.

# ગાંધીનગર શહેરનું ગૌરવ સાયકલીસ્ટ રવિ રંજન શર્મા

ગાંધીનગર, તા.૩૦

સાયકલીંગમાં રાજય કક્ષાએ રવિ રંજને પ્રથમ સ્થાન મેળવ્યું છે. ઈન્સ્પાયર ઈન્ડીયા દ્વારા પ્રતિ વર્ષ અતિ કઠિન ગણાતી ડેક્કન કલીફહેંગર નામની પૂનાથી ગોવાની ૬૪૬ કિલોમીટરની સાયકલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. મહાબળેશ્વર, પંચગીની અને કર્ણાટકના





ચોરલા ઘાટમાંથી પસાર થતો રૂટ કઠિન છે. ૩૨ કલાકની સમય મર્યાદામાં અંતર પુરુ કરનાર સાયકલીસ્ટ રેસ એક્રોસની સ્પર્ધામાં ભાગ લેવા માટેની લાયકાત પ્રાપ્ત કરે છે.

૨૦૨૧ની સ્પર્ધામાં ૪૪ વ્યક્તિગત સ્પર્ધકો પૈકી ૨૬ સ્પર્ધક જ ૩૨ કલાકના નિયત સમયમાં આ અંતર કાપી શક્યા હતા. આ પૈકીના એક એવા શ્રી રવિ રંજન શર્મા કે જેઓ ગાંધીનગરના જમાઈ છે તેઓએ અંતર નિયત સમય કરતા વહેલુ પૂર્ણ કરી એક્રોસ અમેરિકા માટેની લાયકાત પ્રાપ્ત કરી હતી.

તેઓએ આ રેસની તૈયારીઓ માટે ઘણો ભોગ આપવો પડ્યો હતો. ગાંધીનગર જન્મેલ પોતાની પુત્રીને માત્ર બે વાર જ જોવા આવી શક્યા હતા. પુત્રી તેઓ માટે પ્રેરક બળ બની હતી. રવિ એ અગાઉ ભારતીય નૌકા સેનામાં ફરજ બજાવી હતી એ તાલીમ અને ફિટનેશ પણ મદદરૂપ થયા હતા. રવિ રંજન શર્માને ગાંધીનગરની અનેક સ્વૈચ્છીક - સામાજીક સંસ્થાઓ વતી શુભેચ્છા પાઠવવામાં આવી છે અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતનું નામ રોશન થાય તેવી ઈચ્છા વ્યક્ત કરી છે.



સેકટર-૫ ખોડિયાર માતાના મંદિરે કોરોના વેકિસનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરજનોએ વેકિસનનો પ્રથમ અને દ્વિતિય ડોઝ લીધો હતો.

# પંચાયત પ્રમુખ અને સભ્યએ સ્વખર્ચે પંચાયત સંકુલની સફાઈ કરાવડાવી...

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે પંચાયત પ્રમુખ અને એક સદસ્ય અનિલભાઈ પટેલે સ્વખર્ચે જિલ્લા પંચાયતની સફાઈ કામગીરી કરાવી હતી.

સ્વચ્છતા અભિયાનના આયોજનોમાં સતત વ્યસ્ત રહેતા તંત્રને તેની કચેરીઓ જ સાફ કરાવવામાં નિસ્ફળ જતાં આજે ચૂંટાયેલી પાંખે સ્વખર્ચે સંકુલની સફાઈની કામગીરી કરાવી હતી. ત્રણ ટ્રેક્ટરથી વધુ કચરો સાફ કરી આજે સફાઈ કરાવવામાં આવી હતી.

આ ઉપરાંત પંચાયતની કચેરીના યુરિનલ્સ અને અન્ય સફાઈની કામગીરી પણ સભ્યોએ કરાવી હતી. ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સફાઈના મુદ્દે અધિકારીઓને વારંવાર રજુઆતો કરાયા પછી પણ કોઈ અસર ના થતાં આખરે હારી થાકી પંચાયતના પ્રમુખ અને એક સભ્ય દ્વારા સફાઈનો આજનો તમામ ખર્ચ ઉપાડી કચેરીની સફાઈ કરવામાં આવી હતી.

તંત્ર દ્વારા સ્વચ્છતા અભિયાનના આયોજનો ભલે થતા હોય પણ દિવા તળે અંધારાની સ્થિતિને ચૂંટાયેલી પાંખે જે રીતે ઉજાગર કર્યુ છે તે પછી હવે આગામી દિવસોમાં શું થાય છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

આજે સ્વચ્છતા અભિયાનની ચૂંટાયેલી પાંખની કામગીરી અંગે તંત્ર મૌન બની ગયુ છે.

જો કે સાંજે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની કચેરીએ તમામ શાખાઓને કચેરીની સ્વચ્છતા જાળવવામાં આવે તે માટેનો પરિપત્ર જરૂર કર્યો છે. ઘોડા છુટી ગયા પછી તબેલાને તાળાં મારવા નીકળ્યા હોય તેમ તંત્રએ સ્વચ્છતા અંગે સૌને કાળજી લેવા કહ્યુ છે.

# ભાટ નારાયણી હોટલના ગેટ નં-૪ પાસેથી રીક્ષાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર ભાટ નારાયણી હોટલના ગેટ નં-૪ પાસે રાત્રીના સમયે પાર્ક કરેલી રીક્ષાની ઉઠાંતરી થવા પામી છે. રાત્રીના ૩ કલાકે હોટલમાંથી કામ કરીને બહાર નીકળીને જોતા રીક્ષા જોવા મળી ન હતી. રીક્ષા ચાલકે આસપાસના વિસ્તારમાં રીક્ષા અંગે શોધખોળ કરવા છતા તે મળી ના આવતા અડાલજ પોલીસ મથકે રૂ.૫૦ હજારની રીક્ષા ચોરી અંગે ગુનો નોંધાયો છે.

અમદાવાદ ગોતા હાઉસીંગ જુની પાણીની ટાંકી પાસે અને મુળ રહે. ભાટ પટેલ વાસ દેનાબેંકની સામે રહેતા શૈલેન્દ્ર મહેશચંદ્ર ગુપ્તા (ઉં.૩૧)રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. શૈલેન્દ્ર સીએનજી રીક્ષા ભાડેથી ચલાવે છે. જયારે રીક્ષા માલિક વાસણા ખાતે રહે છે. તેઓની રીક્ષા નં.જી.જે.૦૧.ટી.ડી.-૦૮૪૭ હતો. ગત તા.૨૭ નવેમ્બરના રોજ શૈલેન્દ્ર આખો દિવસ રીક્ષા લઈને ધંધો કરી રાત્રીના સાડા દશ વાગ્યાના સુમારે નારાયણી હોટલ ગેટ નં-૪ પાસે રીક્ષા મુકીને હોટલમાં રસોડાનુ કામ કરવા માટે ગયો હતો. રસોડાનું કામ પૂર્ણ કરીને રાત્રીના ૩ કલાકે હોટલની બહાર નીકળીને શૈલેન્દ્ર એ જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર રીક્ષા ન હતી. તેને આસપાસના વિસ્તારમાં રીક્ષાની શોધખોળ કરી હતી. તેમ છતા રીક્ષા મળી આવી ન હતી. આખરે રૂ.૫૦ હજારની રીક્ષા ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસ આગળની તજવીજ શરુ કરી છે.





## એચઆઈવીગ્રસ્ત ગર્ભવતી મહિલાઓની ગોદ ભરાઈ

વિશ્વ એઈડ્સ દિન પૂર્વે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતેના એઆરટી સેન્ટર દ્વારા ભારતીય એજ્યુકેશન ટ્રસ્ટ અને જીએસએનપી પ્લસના સંયુક્ત ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં શહેરની સેવાભાવી સંસ્થા લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા સાત એચઆઈવી ગ્રસ્ત ગર્ભવતી મહિલાઓની ગોદ ભરાઈ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સાતેય મહિલાઓની પ્રથમ વખત લોહીની તપાસ દ્વારા તેમને એચઆઈવીથી પ્રભાવિત હોવાનું જાહેર કરાયું હતું.

**ઈ-ટેન્ડરીંગ ટુંકી જાહેર નિવિદા નં. ૧૦ સને ૨૦૨૧-૨૦૨૨ (સુધારો)**
**માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)**
**ગુજરાત સરકાર**
**(ફક્ત હંગામી વિજળીકરણ કામના ઠેકેદારો માટે)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવેલ કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૨, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬ દ્વાકા વિજળીકરણને લગતા ૦૧ (એક) કામની અંદાજીત કિંમત રૂ. ૯૮,૦૯૧.૨૦ છે. જેના ઓનલાઈન ભાવો ઠેકેદારો પાસેથી મંગાવવામાં આવે છે.

ટેન્ડર દસ્તાવેજોનો વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૩૦/૧૧/૨૦૨૧થી જોવા મળશે અને તા. ૨/૧૨/૨૦૨૧ના ૪.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓનલાઈન ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી.

માહિતી/૧૫૯૮/૨૧-૨૨